જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૩/૨૦૨૫ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૫૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૧૭ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૮૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૫૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૩૫૭/૨૦૨૫**

**નિકોલઃ** સોના વા/ઓ સંજયભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૧) (રહે. પુષ્પકુંજ સોસાયટી ઉત્તમનગર નિકોલ) એ ઝુમકાર નામની એપલીકેશનમાં પોતાની મારૂતિ કંપનીની સ્વીફ્ટ ડીઝાયર કાર નંબર જીજે ૨૭ ઈએ ૩૪૪૪ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/– રજીસ્ટ્રેશન કરાવેલ હોય, તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ ભરતપુરી દશરથપુરી ગોસ્વામી (રહે. ગામ–વડથુ તા.મોડાસા જી.અરવલ્લી) એ જુમકાર એપ દ્વારા દિન–૧૦ માટે ભાડે કાર લઈ જઈ દિન–૧૦ વિતી ગયા બાદ અવાર નવાર સંપર્ક કરતા પણ કાર પરત નહી આપી છેતરપીંડી કરી છે. આ અંગેની ફરીયાદ સોના પ્રજાપતિએ તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.વી.બારીયા ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૩૫૮/૨૦૨૫**

**ચાંદખેડાઃ** લલીત સ/ઓ પુરણસિંહ રાજપુત (ઉ.વ.૨૦) (રહે. પ્રભુ પાર્ક સોસાયટી ચેનપુર ન્યુ રાણીપ) તા.૧૩/૦૩/૨૦૨૫ રાતના ૧૧/૦૦ ના પહેલા ચાંદખેડા અને ખોડીયાર બન્ને રેલવે સ્ટેશન વચ્ચે રેલવેના થાંભલા નંબર ૭૭૪/૧૧–૭૭૪/૦૯ વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઈ સુકાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૩૫૯/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** કલ્પનાબહેન ડો/ઓ મનશારામ કલાસવા (ઉ.વ.૧૯) (રહે. ન્યુ ગાયત્રી સોસાયટી ભાડજ ગામ ભાડજ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૩/૨૦૨૫ કલાક ૦૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી